# <u>સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની કાર્યરીતિ</u>

વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની સમિતિ (ACPC) દ્વારા તા. ૨૩-૪-૨૦૦૯ના રોજની બેઠકમાં ૨૫% સંચાલક મંડળની બેઠકો (વધુમાં વધુ ૧૫% એન.આર.આઈ. બેઠકો સહિત) ઉપર પ્રવેશ આપવા માટે કાર્યરીતિ અને સમયપત્રક નક્કી કરવામાં આવેલ. વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓના મંડળની પ્રવેશ સમિતિ તથા રાજ્ય સરકારને કરવામાં આવેલી રજૂઆતો તેમજ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની જરૂરિયાત ઊભી ન થાય તે લક્ષમાં લઈ પુખ્ત વિચારણાને અંતે સંચાલક મંડળની બેઠકો ભરવા માટેની કાર્યરીતિમાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવે છે.

(૧) દરેક સંસ્થા fair, transparent & non-exploitative રીતે પ્રવેશ કાર્યવાહી કરશે તેમજ કોઈપણ પ્રવેશપાત્રતા ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ ફોર્મ આપવાની ના પાડશે નહીં.

(૨) દરેક સંસ્થા સંચાલક મંડળની બેઠકો પર પ્રવેશ આપવા માટે એક નોડલ ઓફિસર રાખશે. પ્રવેશ સમિતિને નોડલ ઓફિસરના નામ તેમજ ફોન નંબરની જાણ કરશે. વિદ્યાર્થી તેમજ પ્રવેશ સમિતિ પ્રવેશ અંગેની ફરિયાદ માટે નોડલ ઓફિસરનો સંપર્ક કરશે અને નોડલ ઓફિસર આવી તમામ ફરિયાદોનો નિકાલ કરશે.

(૩) સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે દરેક સંસ્થા પોતાની અનુકૂળતા મુજબ સમયપત્રક બનાવી પ્રવેશની કાર્યવાહી કરશે. પ્રવેશ કાર્યવાહી તા. ૧૫-૬-૨૦૦૯ થી શરૂ કરી મોડામાં મોડી તા. ૩૦-૭-૨૦૦૯ સુધીમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીની યાદીને પ્રવેશ સમિતિ દ્વારા પ્રમાણિત કરાવી પૂર્ણ કરશે.

(૪) સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે પ્રત્યેક સંસ્થા અથવા સંસ્થાઓનો સમૂહ સાથે મળી સંયુક્ત રીતે પ્રવેશ કાર્યવાહી કરશે. પ્રવેશ કાર્યવાહી અંગેની તમામ વિગતો રાજ્યના ૫૦ હજાર કે તેથી વધારે નકલોનું વેચાણ ધરાવતા અગ્રગણ્ય સમાચાર પત્રો પૈકીના કોઈપણ એક સમાચારપત્રમાં તથા સંસ્થાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરશે. પ્રવેશ પત્ર ભરવા માટે તથા ભરેલા પ્રવેશ પત્રો પરત લેવા માટે ઓછામાં ઓછા

કામકાજના સાત દિવસોનો સમય આપવાનો રહેશે. આવી જાહેરાતમાં પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક, સ્થળ વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે તેમજ પ્રવેશ સમિતિને તેની સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.

(૫) સંસ્થા વિતરણ કરેલ પ્રવેશ ફોર્મની તથા પરત મળતા પ્રવેશ ફોર્મની નોંધ રાખશે, તેને લગતું એક રજિસ્ટર નિભાવશે. સંસ્થા તેને મળેલ પ્રવેશપાત્રતા ધરાવતા અને પ્રવેશ સમિતિનો મેરીટ નંબર ધરાવતા વિદ્યાર્થીઓની ઈન્ટરસે મેરીટ યાદી બનાવશે, મેરીટ યાદી સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર, વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે તથા પ્રવેશ સમિતિને એક નકલ મોકલવાની રહેશે. મેરીટમાં સમાવિષ્ટ દરેક વિદ્યાર્થીને કાઉન્સેલીંગ માટે યુ.પી.સી. અથવા રજિસ્ટર્ડ પોષ્ટથી વ્યક્તિગત રીતે જાણ કરવાની રહેશે.

(૬) સંસ્થા સંચાલક મંડળની બેઠકો માટેના પ્રવેશ ફોર્મ માટેની ફી રૂા. ૫૦૦/-થી વધારે રાખી શકશે નહીં.

(૭) પ્રવેશ સમિતિ દ્વારા (ACPC) રચવામાં આવેલ 'ફરિયાદ સેલ'ના નોડલ અધિકારી તરીકે નીચેના અધિકારીશ્રીઓ રહેશે. નોડલ અધિકારીને કાયદાના ઉલ્લંઘનના કેસ બાબતે સરકારશ્રીનું લેખિતમાં ધ્યાન દોરવાનું રહેશે.

| | |
|---|---|
| ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી | પ્રો. એમ. બી. ધોળકીયા |
| ડિપ્લોમા એન્જિનીયરીંગ | પ્રો. જે. પી. પટેલ |
| એમ.બી.એ./એમ.સી.એ. | પ્રો. એચ. બી. પટેલ |

**<u>એન. આર. આઈ. બેઠકો માટેની પદ્ધતિ :</u>**

એન.આર.આઈ. બેઠકો માટેની પ્રવેશ કાર્યરીતિમાં સંચાલક મંડળ માટેની કાર્યરીતિ ઉપરાંત નીચેના મુદ્દાઓ લાગુ પડશે.

(૧) જો વિદ્યાર્થીએ લાયકાતની પરીક્ષા વિદેશમાંથી પાસ કરી હોય તો આવા વિદ્યાર્થીઓ માટે જે તે વર્ષની GUJCET/GCET ની પરીક્ષામાંથી મુકિત આપવામાં આવશે અને તેઓને

લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણ પ્રમાણે મેરીટમાં સમાવેશ કરવાનો રહેશે. આવા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત પ્રવેશ લાયકાત ધરાવતા હોવા જોઈશે. પરંતુ જો લાયકાતની પરીક્ષા ભારતમાંથી પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જે તે વર્ષની GUJCET/GCET ની પરીક્ષા આપેલ હોય તો જ પ્રવેશને પાત્ર ગણવામાં આવશે.

(૨) જો વિદ્યાર્થીને લાયકાતની પરીક્ષા વિદેશમાંથી પાસ કરી હોય તો તેવા વિદ્યાર્થીઓએ એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, દિલ્હી તરફથી સમકક્ષતાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૩) એન. આર. આઈ. બેઠકમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીએ એન. આર. આઈ. હોવા અંગેના પુરાવારૂપે પોતાના તથા માતા અને / અથવા પિતાના પાસપોર્ટની નકલ રજૂ કરવાની રહેશે. સ્પોન્સર્ડ એન. આર. આઈ. વિદ્યાર્થઈએ સ્પોન્સરર વ્યક્તિના પાસપોર્ટની કોપી તેમજ સોગંદનામું રજૂ કરવાનું રહેશે. સદર સોગંદનામું એન. આર. આઈ. (સ્પોન્સરીંગ) વ્યક્તિનો વિદ્યાર્થી (સ્પોન્સર્ડ એન. આર. આઈ. ઉમેદવાર) સાથેનો સંબંધ દર્શાવતું, સ્પોન્સર્ડ ઉમેદવારની ટ્યુશન ફી તેમજ અન્ય ફી ભરવાની જવાબદારી લેવાની તથા તેના ભણતરની સંપૂર્ણ જવાબદારી પોતે લેશે, તેવી બાંહેધરી આપતું હોવું જોઈએ.

(૪) સ્પોન્સર્ડ એન. આર. આઈ. વિદ્યાર્થીનો સમાવેશ એન. આર. આઈ. બેઠકોની ગુણવત્તા યાદી તથા સંચાલક મંડળની બેઠકોની ગુણવત્તા યાદી એમ બંને ગુણવત્તા યાદીઓમાં સમાવેશ કરવાનો રહેશે.

(૫) જો કોઈ વિદ્યાર્થીએ એન. આર. આઈ. બેઠકમાં પ્રવેશ મેળવવા અરજી કરેલ હશે તથા સદર વિદ્યાર્થી પ્રવેશ સમયે એન. આર. આઈ. અથવા એન. આર. આઈ. સ્પોન્સર્ડ હોવા અંગેના જરૂરી પુરાવાઓ રજૂ કરી શકશે નહીં, તો આવા સંજોગોમાં સદર વિદ્યાર્થઈને સંચાલક મંડળની બેઠકોની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ કરી, ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

**તા. ૧૨-૬-૨૦૦૯**